**<u>અમદાવાદનાં પાચમા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**

ફો.કેસ નં. ૧૨૧૧૪/૨૦૧૯

આંક–

ફરીયાદી: સરકારશ્રી

વિરુધ્ધ

આરોપી ભરતસિંહ ઉર્ફે જીગ્નેશ સુખદેવસિંહ વાઘેલા.
રહે. ભાની ડેલી, ગોધાવી ગામ,
તા. સાણંદ, જી. અમદાવાદ.

**<u>ગુનો:– ઇ. પી. કો. કલમ– ૨૭૯, ૩૩૭ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ...</u>**

**<u>:–ચુકાદો:–:</u>**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ:૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનાનું તહોમત મુકેલ છે.

(૨) આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર થતાં કોર્ટ રુબરુ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલ પુરી પાડી તેઓની સામેનાં ગુના સબબ પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક સમજી વિચારીને લેખીત કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુનો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતિ નબળી હોઈ, પરીવારનાં ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે.

(૩) આરોપી પોતે કબુલાત કરવા માટે બંધાયેલા નથી અને ગુનાની કબુલાત તેમની સાથે ઉપયોગમાં લઈ શકાશે તેવી સમજ કરવા છતાંયે તેઓ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલતા હોઈ તેઓની કબુલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પેજ નં.૭૦૯ નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતું જળવાય તેમ હોઈ ન્યાયનાં હીત માં નીચે મુજબનો હુકમ કરું છું.

**હુ ક મ**

આ કામનાં આરોપી ભરતસિંહ ઉર્ફે જીગ્નેશ સુખદેવસિંહ વાઘેલાને ક્રિ.પ્રો.કોડની કલમ:૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ:૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ નાં ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીને ઈ.પી. કોડની કલમ: ૨૭૯ નાં ગુના માટે રૂપિયા ૫૦૦/– (અંકે રૂા.પાંચસો પુરા) દંડ, દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા તથા ઈ.પી.કોડની કલમ ૩૩૭ ના ગુના માટે રૂપિયા ૨૫૦/–(અંકે રૂપિયા બસો પચાસ પુરા)નો દંડ, દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. આ કામનાં આરોપીને એમ.વી.એક્ટની કલમ:૧૭૭, ૧૮૪ નાં ગુના માટે અલગ દંડ કરવામાં આવતો નથી. આરોપીએ કુલ રૂા.૭૫૦/–(અંકે સાતસો પચાસ પુરા)દંડ ભરવો. તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૪/૦૯/૨૦૨૪ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૧૪/૦૯/૨૦૨૪

D.J.Vaniya/P.A.

(બી.એચ.ઘાસુરા)
પાચમા એડીશનલ ચીફ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(ગ્રામ્ય)
જજ કોડ નં.જી.જે.૦૦૯૮૩